## રાજ્યમાં વધુ ૩૧૩ નવા કેસ : અમદાવાદમાં ૨૪૯ : ગાંધીનગરમાં ૧૦

## હે પ્રભુ, સંજોગો વિકટ હોય ત્યારે સુંદર રીતે કેમ જીવવું તે અમને શીખવ


ઘરમાં રહો સુરક્ષિત રહો

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

આ વેકેશન નથી મેડીકલ ઈમરજન્સી છે

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૫૧ | ૧ મે, ૨૦૨૦, શુક્રવાર; વૈશાખ સુદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦


# દેશમાં ડબલિંગ, રિકવરી અને ડેથ રેટમાં સુધારો

**કોરોના વાયરસ સામેની લડાઈમાં દેશને મોટી સફળતા મળી રહી છે : લોકડાઉન પહેલા ડબલિંગ રેટ ૩.૪ હતો જે હવે વધીને ૧૧ દિવસનો થયો છે : અગ્રવાલ**



નવીદિલ્હી, તા. ૩૦

દેશમાં કોવિડ-૧૯ દર્દીઓના ડબલિંગ રેટ, રિકવરી રેટ અને ડેથ રેટ ત્રણેય સ્તરે પર સારા સમાચાર આવી રહ્યા છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયના સંયુક્ત સચિવ લવ અગ્રવાલે કોરોના વાયરસ પર પ્રેસ કોન્ફરન્સ દરમિયાન આ અંગે વિસ્તૃત માહિતી આપી હતી. તેમણે ત્રણેયના અલગ અલગ આંકડા રજૂ કર્યા હતા જેથી જાણી સકાય છે કે, કોરોના વાયરસ સામેની લડાઈમાં દેશને મોટી સફળતા હાથ લાગી છે. અગ્રવાલે જણાવ્યું હતું કે, દેશમાં ડબલિંગ રેટ લોકડાઉનથી પહેલા ૩.૪ દિન હતો જે હવે વધીને ૧૧ દિવસ થઈ ગયો છે. આના કરતા પણ સારી બાબત એ છે કે, કેટલાક રાજ્યોમાં ડબલિંગ રેટ રાષ્ટ્રીય ટકાવારી કરતા પણ વધારે છે. તેમણે કહ્યું હતું કે, દિલ્હી, ઉત્તરપ્રદેશ, જમ્મુ કાશ્મીર, ઓરિસ્સા, તમિળનાડુ અને પંજાબમાં ૧૧થી ૨૦ દિવસનો ડબલિંગ રેટ છે. કર્ણાટક, લદાખ, હરિયાણા, ઉત્તરાખંડ અને કેરળમાં કોવિડ-૧૯ દર્દીઓનો ડબલિંગ રેટ ૨૦થી ૪૦ દિવસ વચ્ચે જોવા મળી રહ્યો છે. આસામ, તેલંગાણા, છત્તીસગઢ અને હિમાચલ પ્રદેશમાં ડબલિંગ

● અનુસંધાન પાન-૭ પર

## દેશમાં પોઝિટિવ કેસો ૩૪૭૮૦ને પાર : મૃત્યુઆંક ૧૧૫૦ને પાર

ન્યુ દિલ્હી,તા.૩૦

જીવલેણ કોરોના વાઈરસ સમગ્ર વિશ્વમાં હાહાકાર મચાવી રહ્યો છે, ત્યારે ભારતમાં પણ સંક્રમિત દર્દીઓની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. છેલ્લા ૧૨ કલાકમાં દેશમાં કોરોના વાઈરસના કારણે ૬૬ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે, જ્યારે ૧૨૬૩ કેસો નવા ઉમેરાયા છે. ગુરુવારે રાજસ્થાનમાં ૨૬, પશ્ચિમ બંગાળમાં ૩૩ અને ઓરિસ્સામાં ૩ દર્દીઓનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. કેન્દ્ર સરકારે હરિયાણામાં દક્ષિણ કોરિયન કંપનીની બનાવાયેલી રેપિડ કીટથી ટેસ્ટિંગ કરવાની મંજૂરી આપી દીધી છે.

સ્વાસ્થ્ય મંત્રી રાજેશ ટોપેના જણાવ્યા પ્રમાણે, કોરોના દર્દીઓની સારવાર માટે પ્રાયોગિક રીતે શરૂ કરવામાં આવેલી પ્લાઝ્મા થેરેપીનો પહેલો ટ્રાયલ સફળ રહ્યો છે. આ ટ્રાયલ મુંબઈના લીલાવતી હોસ્પિટલમાં દાખલ દર્દી પર કરવામાં આવ્યો છે. બીજો ટ્રાયલ ટૂંક સમયમાં નાયર હોસ્પિટલમાં કરવામાં આવશે. તો બીજી બાજુ મધ્યપ્રદેશના ભોપાલના એઈમ્સમાં રોગ પ્રતિરોધક ક્ષમતા વધારવા વાળી દવાનો કોરોના સંક્રમિતો પર ટ્રાયલ શરૂ કરાયો છે. ત્રણ દર્દીઓને દવાનો પહેલો ડોઝ આપવામાં આવ્યો છે.

આ અંગે સ્વાસ્થ મંત્રાલયના આંકડા પ્રમણે, છેલ્લા ૨૪ કલાકના આંકડા ઉમેરીને દેશમાં કોરોના સંક્રમિતોની સંખ્યા વધીને ૩૩,૦૫૦ પર પહોંચી ગઈ છે, જ્યારે મૃતકોની સંખ્યા વધીને ૧૦૭૪ પર પહોંચી છે. આ ઉપરાંત ૮૩૨૫ દર્દીઓ સંપૂર્ણ સ્વસ્થ થયા બાદ તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે, જ્યારે ૨૩,૬૫૧ લોકો હજુ પણ હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યાં છે.

કોરોના વાઈરસની સૌથી વધુ અસર મહારાષ્ટ્રમાં જોવા મળી રહી છે. જ્યા ૪૩૨ લોકો મોતને ભેટ્યા છે.

# સેંસેક્સ સુધરી ૩૩૭૧૭ની સપાટીએ

**નિફ્ટીમાં પણ ૩૦૬ પોઇન્ટનો જંગી ઉછાળો : હિરો મોટો, ઓએનજીસી અને ટાટા સ્ટીલમાં પણ ઉછાળો નોંધાયો**

નવીદિલ્હી, તા. ૩૦

વૈશ્વિક બજારોમાં લેવાલીના સંકેત મળતા આજે સ્થાનિક શેરબજારના કારોબારમાં શરૂઆત વધારા સાથે થઈ હતી. ગુરુવારે શરૂઆતના કારોબારમાં બેંચમાર્ક સેંસેક્સ ૯૦૦થી વધુ પોઇન્ટ ઉછાળા સાથે કારોબાર રહ્યો હતો અને ૧૨ વાગ્યાની આસપાસ ઉછાળા સાથે ૧૦૬૭ પોઇન્ટ સુધી પહોંચી ગયો હતો. સેંસેક્સ ૩૩૭૮૪ના સ્તર પર સેંસેક્સ રહ્યો હતો જ્યારે ૯૮૦૦ની સપાટીની ઉપરનો કારોબાર થઈ રહ્યો હતો. કોરોનાની દવા લાગુ પડવાની આશા સાથે સેન્સેક્સમાં ગુરુવારે ૯૯૭ પોઈન્ટ્સનો હાઈજમ્પ જોવા મળ્યો હતો. દિવસ દરમિયાન સેન્સેક્સ ઉપરમાં ૩૩,૮૮૭.૨૫ અને નીચામાં ૩૩,૩૫૪.૯૩ પોઈન્ટ્સની રેન્જમાં ટ્રેડ થયા બાદ ૯૯૭.૪૬ પોઈન્ટ્સ અથવા ૩.૦૫ ટકા વધીને ૩૩,૭૧૭.૬૨ પોઈન્ટ્સની સપાટીએ બંધ રહ્યો હતો.

## કોરોના અપડેટ્સ

| ક્યાં | કેસ | મૃત્યુ | રિકવર |
|---|---|---|---|
| વિશ્વ | ૩૨૬૧૬૩૧ | ૨૩૦૩૮૮ | ૮૫૨૨૧૪ |
| ભારત | ૩૪૭૮૦ | ૧૧૫૧ | ૯૦૫૭ |
| ગુજરાત | ૪૩૯૫ | ૨૧૪ | ૬૧૩ |
| ગાંધીનગર | ૪૮ | ૦૨ | ૧૪ |

# ભારતમાં મહામારીમાં ૧૦ કરોડથી વધુ થશે બેકાર..!

**કોરોનામાંથી દેશના ગરીબોને બહાર લાવવા ૬૫,૦૦૦ કરોડ રૂપિયાની જરૂર પડશે, ભારત સરકારે તોલી તોલીને અર્થતંત્ર ખોલવું જોઈએ, પરંતુ શક્ય તેટલું ઝડપી, જેથી લોકોને રોજગાર મળવાનું શરૂ થાયઃ રઘુરામ રાજન**

ન્યુ દિલ્હી,તા.૩૦

"કોરોના સંકટને કારણે ભારતમાં આશરે ૧૦ કરોડ વધુ લોકો બેકાર બનશે. ૫ કરોડ લોકોની તો રોજગારી જ છિનવાઈ જશે , આશરે ૬ કરોડ લોકો શ્રમ બજારમાંથી બહાર થઈ જશે. તમે સર્વે પર પ્રશ્નો ઉભા કરી શકો છો, પરંતુ અમારી પાસે આ જ આંકડા છે. અને આ આંકડાઓ ખૂબ વ્યાપક છે. આનાથી આપણને એવું વિચારવું જોઈએ કે આપણે માપી માપીને અર્થતંત્ર ખોલવું જોઈએ, પરંતુ શક્ય તેટલું ઝડપી, જેથી લોકોને રોજગાર મળવાનું શરૂ થાય. ભારત પાસે તમામ વર્ગોને મદદ કરવાની ક્ષમતા નથી. આપણે પ્રમાણમાં ગરીબ દેશ છે, લોકો પાસે વધારે બચત નથી."

જાણીતા અર્થશાસ્ત્રી અને ભારતીય રિઝર્વ બેંકના ભૂતપૂર્વ ગવર્નર, રઘુરામ રાજને આજે આ મુજબનું એક ચિત્ર લોકો સમક્ષ રજૂ કરીને સરકારને સલાહ આપતાં કહ્યું હતું કે, હાલમાં કોરોનાને કારણે દેશમાં લોકડાઉન

● અનુસંધાન પાન-૭ પર



## છેલ્લે... છેલ્લે...

- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી શનિવારે રાષ્ટ્રને સંબોધન કરે એવી શક્યતા વર્તાય છે.
- ગુરુવારે પ્રધાનમંત્રી મોદીએ આર્થિક પેકેજ માટે ચાર કેબીનેટ મંત્રીઓ સાથે ઘનિષ્ઠ મંત્રણાઓ કરી હતી. આગામી સંબોધનમાં આર્થિક પેકેજનો સમાવેશ થશે એમ પણ મનાય છે.
- 'વિવાદ સે વિશ્વાસ' ટેક્સ સેટલમેન્ટ યોજનાની મુદત સપ્ટેમ્બર સુધી લંબાવાશે.
- અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં કોરોનાના દર્દીઓને હર્બલ ટી અપાઈ રહી છે.
- દેશના જાણીતા ફૂટબોલના પ્લેયર ચુની ગોસ્વામીનું નિધન.
- દેશના સૌથી વધુ કેસ ધરાવતા પાંચ રાજ્યો

| | |
|---|---|
| મહારાષ્ટ્ર | ૧૦૪૯૮ |
| ગુજરાત | ૪૩૯૫ |
| દિલ્લી | ૩૪૩૯ |
| મધ્યપ્રદેશ | ૨૬૨૫ |
| રાજસ્થાન | ૨૫૮૨ |
| તામિલનાડુ | ૨૩૨૩ |
| ઉત્તરપ્રદેશ | ૨૨૧૧ |
| આંધ્રપ્રદેશ | ૧૪૦૩ |
| તેલંગણા | ૧૦૩૮ |



જાણીતા અભિનેતા રિશી કપૂરના અવસાનના સમાચારના પગલે ભારતીય ફિલ્મ જગતમાં ઘેરા શોકની લાગણી પ્રસરી હતી... ૬૭ વર્ષીય રિશી કપૂરને અંજલી આપવા છૂટાછવાય ફિલ્મ અભિનેતાઓ તેમના નિવાસસ્થાને પહોંચ્યા હતા.. જોકે નિયમોના આધિન ખૂબ ઓછી સંખ્યામાં મિત્રો અંતિમયાત્રામાં જોડાયા હતા... સદ્‌ગતને અમિતાભ બચ્ચનથી લઈ નાના-મોટા સૌ કલાકારોએ શ્રદ્ધાસુમન અર્પણ કર્યા હતા....

## લોકપ્રિય અભિનેતા ઋષિકપૂરને વડાપ્રધાન મોદી દ્વારા અંજલિ

**સ્ટાર ઋષિકપૂર ટેલેન્ટનું પાવરહાઉસ હતા : નરેન્દ્ર મોદી**

નવી દિલ્હી, તા. ૩૦

૬૭ વર્ષીય રિશી કપૂરનું ગુરુવાર ૩૦મી એપ્રિલના રોજ સવારે મુંબઈની એચ એન રિલાયન્સ ફાઉન્ડેન હોસ્પિટલમાં નિધન થયું છે. જેથી સમગ્ર સિનેમા જગત અને તેના ચાહકોમાં શોકની લાગણી જોવા મળી રહી છે. આ સાથે જ રાજકીય નેતાઓએ પણ તેમના નિધન અંગે તેમને ભાવભીની શ્રદ્ધાંજલિ પાઠવી છે. વડાપ્રધાન મોદી રિશી કપૂરના નિધન અંગે દુઃખ વ્યક્ત કરતા કહ્યું કે, રિશી કપૂર ટેલેન્ટનું પાવરહાઉસ હતા. મને તેઓ અને તેમના સૂચનો હંમેશઆ યાદ રહેશે. ભગવાન તેમની આત્માને શાંતિ આપે. સંસદ સભ્ય નુસરત જહાએ ટ્વીટ કરી લખ્યું કે, મહાન અભિનેતાના નિધનના સમાચાર આઘાતજનક છે. એમની ફિલ્મો જેવી ફિલ્મ ફરી ક્યારે નહીં બની શકે. ભગવાન એમની આત્માને શાંતિ આપે.

## રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝની પણ પગારમાં કાપની જાહેરાત

**હાઇડ્રોકાર્બન બિઝનેસમાં કામ કરતા કર્મી જેમનો પગાર વાર્ષિક ૧૫ લાખથી વધુ છે તેમના પગારમાં ૧૦ ટકા કાપ**

નવી દિલ્હી, તા. ૩૦

કોરોના વાયરસ મહામારી વચ્ચે દેશની સૌથી મોટી કંપની રિલાયન્સ ઈન્ડસ્ટ્રીએ પણ પગારમાં કાપ મુકવાની જાહેરાત કરી દીધી છે. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીના હાઈડ્રોકાર્બન બિઝનેસમાં કામ કરનાર કર્મચારી જેમનો પગાર વાર્ષિક ૧૫ લાખથી વધારે છે તેમના પગારમાંથી ૧૦ ટકા કાપની જાહેરાત કરી હતી. જો કે, જેમનો પગાર આના કરતા ઓછા છે તેમના પગારમાં કોઈ કાપ મુકવામાં આવશે નહીં. સુત્રોના જણાવ્યા અનુસાર માહિતી મળી છે કે, સિનિયર એક્ઝિક્યુટીવના પગારમાં ૩૦થી ૫૦ ટકા સુધીનો જંગી કાપ હોઈ શકે છે. આ સિવાય પરફોર્મન્સ આધારે આપવામાં આવતું બોનસને પણ ટાળી દેવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જો કે, લોકડાઉનના પરિણામ સ્વરુપે પેટ્રોલિયમ પેદાશોની ડિમાંડમાં ભારે ઘટાડો જોવા મળી રહ્યો છે જેના કારણે હાઈડ્રોકાર્બન બિઝનેસના રેવેન્યુમાં ભારે

● અનુસંધાન પાન-૭ પર

# દુનિયામાં કેસો ૩૨ લાખને પાર

**મોતનો આંકડો ૨૩૦૩૮૮ સુધી પહોંચ્યો : યુદ્ધના ધોરણે તમામ દેશો દ્વારા કોરોનાને અટકાવવા માટે પ્રયાસો**

નવી દિલ્હી,તા. ૩૦

દુનિયાભરમાં હજુ કોરોના વાયરસનો હાહાકાર જારી છે. કોરોના વાયરસને જડથી ઉખાડી ફેંકવા માટે દુનિયાના તમામ દેશો એક સાથે લાગેલા છે પરંતુ હજુ સુધી આશાનું કોઈ કિરણ દેખાઈ રહ્યું નથી. દુનિયાના ૨૧૦ દેશોમાં કોરોના વાયરસના કારણે કેસોની સંખ્યા વધીને ૩૨૩૩૮૫૩ સુધી પહોંચી ગઈ છે. એટલે કે આંકડો ૩૨ લાથી પણ ઉપર પહોંચી ગયો છે. વિશ્વના કોરોનાગ્રસ્ત દેશોની હાલત હજુ પણ ખરાબ બનેલી છે. દુનિયાભરમાં રિકવર થયેલા લોકોની સંખ્યા ૧૦૦૭૯૭૬ સુધી પહોંચી ગઈ છે જ્યારે એક્ટિવ કેસોની સંખ્યા ૧૯૯૭૩૫૧ પર પહોંચી ચુકી છે. આવી જ રીતે દુનિયામાં મોતનો આંકડો પણ વધીને ૨૨૮૫૨૬ ઉપર પહોંચી રહ્યો છે. ગંભીર રહેલા દર્દીઓની સંખ્યા પણ રોજે રોજ વધી રહી છે. ગંભીર દર્દીઓની સંખ્યા ૫૯૭૬૬ પર પહોંચી ચુકી છે. વિશ્વમાં કોરોનાની સ્થિતી કેટલી ખતરનાક છે તેનો અંદાજ આના પરથી જ લગાવી શકાય છે કે મોતના આંકડાના મામલામાં અમેરિકા, સ્પેન, ઈટાલી, ફ્રાંસ, બ્રિટન, બેલ્જિયમ સૌથી આગળ રહ્યા છે. આ તમામ દેશોમાં મોટી સંખ્યામાં લોકોએ કોરોના વાયરસના કારણે દમ તોડી દીધા છે. દુનિયાના ૨૧૦ કરતા વધારે દેશો કોરોનાના કારણે મુશ્કેલીમાં મુકાઈ ગયા છે. તેમના અર્થતંત્ર ભાંગી પડવાના આરે પહોંચી ગયા છે.

● અનુસંધાન પાન-૭ પર

